ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શુભ સંકલ્પોમાં ઝડપ કરવી, અશુભ છોડી દેવા : પૂજય ગુરૂમા

ગાંધીનગર, તા. ૨૦

બીજા દિવસના જ્ઞાનસત્રનો પ્રારંભ કરતા પૂજય ગુરૂમાએ જણાવ્યું કે, પરમાત્માએ દરેકને જે સામર્થ્ય આપેલ છે તેનો યથા યોગ્ય ઉપયોગ



કરી લેવો જોઈએ. મમતા દરેકમાં છે પરંતુ દરેક વ્યકિતા મમતા અલગા અલગ વસ્તુ કે વ્યકિતમાં રાખે છે. સંતો મનુષ્યની મમતાને અન્યકોઈ વ્યકિત કે વિષયમાં ન મુકતા ભગવાનમાં મુકવાનું કહે છે કારણ કે અન્યમાં કરેલ મમતા એ મોહ છે જયારે ભગવાનમાં કરેલ મમતા પ્રેમ છે અને તે જ ભકિત છે. વળી હું જે કાંઈ કરું તેમાં ભગવાનને ભાગીદાર બનાવું તો મને કાર્યમાં સફળતાનો અહંકાર પ્રાપ્ત નહીં થાય. પ્રભુના ગુણોનું ચિંતન મનન કરવું તે જ મમતાની સાચી દિશા છે. વળી અન્ય સૌંદર્ય તો સીમીત છે, અલ્પ છે, જયારે ભગવાનનું સૌંદર્ય અલૌકિક છે. જનક રાજા જેવા વૈરાગી પણ રામજીના સૌંદર્યને જોઈને મોહીત થઈ જાય છે તો પછી ભગવાનને છોડીને બીજા કોનું દર્શન કરવું.

પૂજય ગુરૂમાએ સમરણભકિતના ઉત્તમ ઉદાહરણ તરીકે પ્રહલાદ અને શબરીનો ઉલ્લેખ કર્યો. પછાત જ્ઞાતિની શબરીને માતંગઋષિના આશ્રમમાં એક ખૂણામાં માંડ માંડ સ્થાન મળ્યું. તે રોજ આશ્રમની સફાઈ કરે માતંગઋષિએ તેને ભગવાન રામનો ટુંક સમયમાં જન્મ થશે અને તે આવીને શબરીને દર્શન આપશે એમ જણાવી સતત રામનામનું સ્મરણ કરવા જણાવ્યું. ત્યારથી વર્ષો સુધી શબરીએ રોજે રોજ શ્રી રામની પ્રતિક્ષા કરી. દરેક કામ રામને યાદ કરીને કર્યું અને અહર્નિશરામનું સ્મરણ કર્યું તેથી શ્રી રામે તેને દર્શન આપ્યા. આમ શબરી સ્મરણભકિત, શ્રધ્ધા અને પ્રતિક્ષાનો વિગ્રહ છે. આવી અનન્ય ભકત શબરીને ચરણ સ્પર્શથી પંપા સરોવરનું અશુધ જળસ્ફટીક જેવું શુધ્ધ થયુ અને તેનો ઉપયોગ ઋષિમુનિઓ કરી શકયા.

શંકરાચાર્યજી તેઓની સામે મળેલ વૃધ્ધને જણાવે છે કે અંતકાલ જયારે આવશે ત્યારે શાસ્ત્રો ભણવાનું કામ કોઈ અર્થનું નથી. અંતકાળે પ્રભુનું સ્મરણ જ એક માત્ર કરવાલાયક કહે છે. જીવનની ઘટમાળ જન્મો જન્મથી ચાલુ છે. લાંબી યાત્રા માટે પ્રભુભજન, સત્કર્મ જ ભાથુ છે. ધન બધું પડયું રહેશે. પોતાના ધર્મ, પુણ્ય જ જીવની સાથે અંતકાળે આવશે મારે વિચારવુ જોઈએ કે ભગવાને મનેશું નથી આપ્યું? આ બધું આપનારને તો મારે સ્મરવા જ જોઈએ. પ્રેમથી, અહોભાવથી તેને ભજવાના છે.

બીજા દિવસના પ્રવચનના અંતભાગમાં ચોથા શ્લોકને સમજાવતા પૂજય ગુરૂમાએ જણાવ્યું કે, જેવી રીતે કમલપત્ર પર રહેલું જળનું બિંદુ અતિ તરલ અને ચપલ હોય છે. તેવું જ મનુષ્યના જીવનનું પણ છે. શ્વાસ બહાર નિકળ્યો તે પાછો લેવાશે જ તેનો ભરોસો નથી. મૃત્યુ હંમેશા દબાતા પગલે આવે છે. આથી જ વિનોબાજીએ કહ્યું છે કે, મનુષ્ય જીવનમાં કોઈ એક કામ પુર્ણ થવાની શકયતા હોય તો તે ઈશ્વર પ્રાપ્તિ છે. અન્ય કોઈ પણ કામ મનુષ્ય આરામ કરે તે કોઈને કોઈ રીતે અધુરા જ રહે છે. આથી જ શુભ સંકલ્પો હંમેશા જલ્દી પુરા કરવા અને અશુભ સંકલ્પોને મુલતવી રાખવા.



આવતીકાલનો અણસાર - ગાંધીનગરની આવતીકાલનું સાંસ્કૃતિક ભવિષ્ય કેવું હશે એનો જવાબ આ તસવીર આપે છે... કાલીઘેલી ભાષા બોલતા નાનકડા ભૂલકાઓ કેવો અદ્‌ભૂત અભિનય આપી રહ્યા છે... શબ્દ, તાલ અને લયના સમન્વય દ્વારા આંતરિક શક્તિને કેળવવાનો અનોખો પ્રયાસ એટલે ભૂલકાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ... ગાંધીનગરની જાણીતી પ્રિ-પ્રાયમરી સ્કૂલ સ્માર્ટ કિડ્‌ઝનો વાર્ષિકોત્સવ ક્લિન ઈન્ડિયાની થીમ પર યોજાયો હતો. એક પછી એક સુંદર કૃતિઓની અભિવ્યક્તિ દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. મોટી સંખ્યામાં વાલીગણ અને સાંસ્કૃતિક પ્રેમી નાગરિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# સરકારી કાર્યક્રમોના ભાજપીકરણ સામે કોંગી ધારાસભ્યો ખફા

## જિલ્લાકક્ષાના કાર્યક્રમોમાં સ્થાનિક ધારાસભ્યની અવગણનાનો મુદ્દો સંકલન સમિતિમાં ચર્ચાયો

ગાંધીનગર, તા. ૨૦

રવિ કૃષિ મહોત્સવ એ સરકારી કાર્યક્રમ હોવા છતાં તેના કરાયેલા ભાજપીકરણને લઈ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠકમાં કોંગ્રેસી ધારાસભ્યોએ રોષ વ્યક્ત કરી તંત્ર પર તડાપીટ બોલાવી હતી.

સરકારી કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય તરીકે તેમને નિમંત્રણ અપાતુ હોય ત્યારે તેમને બોલવાની તક મળવી જોઈએ. ધારાસભ્યના હોદ્દાની ગરિમા જળવાય તે રીતે તેને સરકારી મંચ પર સ્થાન પણ આપવુ જોઈએ સહિતના મુદ્દાઓ ઉપસ્થિત કર્યા હતા.

એક તબક્કે કોંગી સભ્યોએ કાર્યક્રમોના થતા ભાજપીકરણને લઈ તંત્રને પણ રાજકીય પક્ષ સાથે જોડવાની ચેષ્ટાનો લઈ ભાજપના સભ્ય અધિકારીઓ બની જાય તેવો ટોણો પણ માર્યો હતો.

ખેડૂત સંમેલનમાં ભાજપ તરફી ખેડૂતોને જ આવવા દેવામાં આવતા હતા તેમજ મંચ પર ભાજપના હોદ્દેદારોને કયા હોદ્દાની રૂએ સ્થાન અપાયાનો મુદ્દો પણ ચર્ચાયો હતો.

જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે આજે કોંગી સભ્યોના રોષને ખુબ જ કુનેહથી ઠંડો પાડ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# કડવુ સત્ય : પોતાનું જ ઘર સ્ત્રીઓ માટે સૌથી વધુ જોખમી !



## ઘરેલુ હિંસાથી બચવા કાયદો ઘડવો એ સમસ્યાના સમાધાનનો રસ્તો નથી : હાઈકોર્ટ જજ સોનિયાબેન ગોકાણી

## દુનિયામાં ૭૫ ટકા સ્ત્રીઓ માર ખાય છે : વિકાસ થયો પણ માઈન્ડ સેટ બદલાતો નથી : અશ્વિન કારીયા

ગાંધીનગર, તા. ૨૦

ઘરેલુ હિંસાના વિષય અંગે યુનાઈટેડ સ્કૂલ ઓફ લૉ દ્વારા આજે રાજ્ય સ્તરના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તબક્કે હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સોનિયાબેન ગોકાણીએ જણાવ્યું હતું કે સ્ત્રીઓ માટે પોતાનું ઘર જ સૌથી જોખમી સ્થાન સાબિત થઈ રહ્યું છે. તે કડવુ સત્ય છે. મહીલાઓ સાથે થતા ભેદભાવને અટકાવવા અને અસમાનતા સામે લડવા તેમની અંદર આત્મવિશ્વાસ જગાવવો જરૂરી બન્યો છે. મહીલાઓને ઘરેલુ હીંસાથી બચાવવા માટે ખાસ કાયદા ઘડવા એ જ આ સમસ્યાનું સમાધાન લાવવા માટેનો સાચો રસ્તો નથી.

ઘરેલુ હિંસાના વિષય પર યોજાયેલા આ સેમિનાર દરમિયાન યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ ના ડિરેક્ટર

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટ સમિટ બાદ સે. ૧૬માં નિકાલ હેઠળના મકાનો તોડાશે

## સે. ૩૦ માં જોખમી આવાસો તોડવાનું કામ શરૂ

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનું કામ શરૂ કરી દેવાયું છે. સે. ૩૦માં નિકાલ હેઠળના બ્લોક તોડવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. સેક્ટરોમાં નિકાલ હેઠળના ૧૦ થી વધુ બ્લોક તોડી પાડવામાં આવશે. જ્યારે તબક્કાવાર અન્ય સેક્ટરોમાં પણ જોખમી આવાસો તોડવાનુ કામ હાથ ધરાશે. વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ સે. ૧૬માં હાલ નિકાલ હેઠળના બ્લોક તોડવામાં આવશે નહી.

શહેરમાં સ્થિત ૧૬ હજાર જેટલા વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી ૧૯૦૪ મકાનો દાયકા પૂર્વે નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ નિકાલ હેઠળના

● અનુસંધાન પાન-૭ પર

# કલોલના ૧૭ ગામ માણસામાં ભેળવવા તંત્ર સરકારને જણાવે : અમિત ચૌધરી

ગાંધીનગર, તા. ૨૦

માણસામાં કલોલ તાલુકાના ૧૭ ગામોને ભેળવી દેવા જોઈએ તેવી માંગણી અંગે સરકારનું ધ્યાન તાત્કાલિક રીતે દોરવુ જોઈએ તેમ કોંગી ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીએ આજે સંકલન સમિતિની બેઠકમાં રજુઆત કરતાં જણાવ્યુ હતુ.

શ્રી ચૌધરીએ જણાવ્યુ હતુ કે તાલુકા વિભાજન થયુ તે વખતે પણ રજુઆત કરાઈ હતી. તેમજ વિધાનસભામાં પણ તેમણે આ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. હવે પંચાયતોની ચૂંટણી આવી રહી છે અને તાલુકા પંચાયતોની રચનાનો મુદ્દો સરકારમાં હાલ હાથ ધરાયેલો હોવાથી જિલ્લા તંત્રએ આ બાબતે સરકારનું તાકીદે ધ્યાન દોરવું જોઈએ.

આજની સંકલન સમિતિમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દબાણ હટાવવાનો મુદ્દો અન્યાયી હોવાનું જણાવતાં કલોલના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે જણાવ્યું હતું કે કલોલ હાઈવે પરના ઓળખી કઢાયેલા ગેરકાયદે દબાણો એક વર્ષ પછી પણ દૂર નથી કરાયા તે દુઃખદ છે.

● અનુસંધાન પાન-૭ પર



**ઢેરના ઢેર -** ગાંધીનગરને દબાણ મુક્ત બનાવવા તંત્રનો પ્રયાસ હજુ પણ કામિયાબ નથી નિવડતો... દબાણ તંત્ર એક તરફ ઝુંપડા હટાવે છે, તો ચોવીસ કલાકમાં જ પુનઃ એના એ જ સ્થાન પર ઝુંપડા ગોઠવાઈ જાય છે... એની સાક્ષી પુરે છે આ તસવીર... સેક્ટર-૪માં ઝુંપડા હટાવાયા અને બીજા જ દિવસથી હતા એમ ને એમ ગોઠવાઈ ગયા... વહીવટી તંત્ર દ્વારા આ અંગે કોઈ નક્કર પગલા ભરવાની આવશ્યકતા ઉભી થઈ છે... (તસવીર : કશ્યપ નિમાવત)


Kalp Infrastructure Pvt. Ltd. ભાવેશ શાંતિલાલ ચૌહાણ

સરગાસણ - શાહપુર ગીફ્ટ સીટી ૨૦૦ ફુટનાં મેઈન રોડ પર

સુવિધા અનેક પસંદગી માત્ર એક



એક્સક્લુઝીવ લક્ઝુરીયસ, રેસિડેન્સીયલ ફ્લેટની સ્કીમ

Capitol Flora

14.80 થી 16.28 લાખ સુધી

સેમ્પલ હાઉસ રેડી

1 BHK
74 ચો.વારના ફ્લેટ

સુવિધાઓ :
- જિમ્નેશીયમ/ પીટનેશ ક્લબ
- કિડ્‌ઝ ઝોન ● જોગર્સ ટ્રેક
- ક્લબ હાઉસ / સ્પોર્ટસ રૂમ
- બ્યુટીફુલ લેન્ડ સ્કેપીંગ
- વિશાળ ફુલ્લી પાર્કીંગ
- યોગા ઝોન ● ગઝેબો-મીટીંગ પ્લેસ
- વેલ ડેકોરેટીવ એન્ટ્રન્સ વીથ સીક્યુરીટી કેબીન
- એન્ટ્રન્સ ગેઈટ અને ગ્રાઉન્ડ ફ્લોર એરીયામાં સી.સી.ટી.વી. કેમેરા




શહેરના જુના અને જાણીતા
ભાવેશ શાંતિલાલ ચૌહાણ : 9825051256


# કોઈને અન્યાય ન થાય તે રીતે ચકાસણી થવી જોઈએ : જસ્ટીસ શાહ

અમદાવાદ, તા. ૨૦

ગૃહ વિભાગ અને સી.આઈ.ડી. ક્રાઈમના સંયુકત ઉપક્રમે અંતર્ગત એક દિવસીય સેમિનારનું ઉદઘાટન કરતા ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ સત્ય આધારિત ઈન્વેસ્ટીગેશન કરવું જોઈએ અને ખોટી રીતે કરેલુ ઈન્વેસ્ટીગેશન કોઈને ન્યાય અપાવી શકે નહીં તેથી ઈન્વેસ્ટીગેશન કરતા અધિકારીઓએ જવાબદારી પૂર્ણ રીતે અને કોઈને અન્યાય ન થવો જોઈએ તેની તકેદારી ઈન્વેસ્ટીગેશન કરતી એજન્સીએ રાખવી જોઈએ ઈન્વેસ્ટીગેશન બાબતે સારૂ વિચારવાની સરકાર દ્વારા શરૂઆત થઈ છે તે આવકારદાયક છે આ પ્રસંગે ગૃ વિભાગ અધિક મુખ્ય સચિવ જી.આર. અલોરિયાએ જણાવ્યું હતું કે ઈન્વેસ્ટીગેશન કરતા અધિકારીઓમાં ક્યાં ક્યાં ઉણપો રહી

● અનુસંધાન પાન-૭ પર


SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


લગ્નમાં આવીને એસીડ પી જવાની ધમકી પ્રેમીને આપી હતી

# રોહીતની હત્યા કરી કાંટો કાઢવા તેની પત્નીએ જ કહ્યું હતું

## મૃતક રોહીતની પત્નિની પણ ધરપકડ : ખુન કરીને કેનાલ પાસે લોહી ભીની રિક્ષા ધોઈ આરોપી લગ્ન કરવા ગયો હતો

ગાંધીનગર, તા. ૨૦

નભોઈ હત્યા પ્રકરણમાં આશ્ચર્યજનક વિગતો બહાર આવવા પામી છે. મૃતક રોહીતની પત્નિ સાથે હત્યારા અનિલને લગ્નપહેલાથી પ્રેમ સંબંધ હતા અને હવે અનિલના લગ્ન નક્કી થઈ જતાં રોહીતનો કાંટો કાઢવા તેની પત્નિએ જ પ્રેમીને દબાણ કર્યું હતું. જો તે રોહીતની હત્યા નહીં કરે તો લગ્ન પ્રસંગમાં આવીને એસીડ પી જશે તેવી ધમકી આપી હતી. દબાણવશ થઈ તેણે લગ્નની પાર્ટીનું બહાનું કાઢી અન્ય બે મિત્રો સાથે મળીને નભોઈ લઈ જઈ દારૂ પીવડાવી હત્યા કરી નાંખી હતી. મૃતકની પત્નિની પોલીસે ધરપકડ કરી લીધી છે. આ ગુનામાં વોન્ટેડ અન્ય બે શખ્સોની શોધખોળ પોલીસે શરુ કરી છે.

નભોઈ હત્યાનાં રહસ્ય પરથી એએસપી કરણરાજસિંહ વાઘેલા તથા ઈન્ફોસીટી પીઆઈ પી.બી. ચૌહાણે રાત દિવસ એક કરીને પડદો હટાવી દેવામાં સફળતા મેળવી છે. અમદાવાદમાં તેમની ટીમોએ ધામા નાંખીને હત્યાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. આરોપી અનિલ પટણીએ જેની ગળુ કાપી નાંખીને બે મિત્રો સાથે મળી હત્યા કરી નાંખી હતી તે રોહીત પણ તેનો મિત્ર જ હતો. પરંતુ રોહીતના લગ્ન થયા તે પહેલાથી એટલે કે ૬ વર્ષ પહેલાથી અનિલને રોહીતની પત્નિ સાથે પ્રેમ સંબંધો હતાં. જે હાલ પણ ચાલુ હતાં. બંને સાથે જીંદગી જીવવા માંગતા હતા. પરંતુ તે રોહીતને કારણે શકય ન હતું. તે દરમિયાન અનિલની સગાઈ થઈ ગઈ અને લગ્નની તારીખ પણ આવી ગઈ...! અકળાઈ ઉઠેલી અનિલની પ્રેમીકા અને રોહિતની પત્નિ રેખા પટણીએ અનિલને ધમકી આપી દીધી કે જો તું તેના પતિ રોહીતને મારી નાંખીશ નહીં તો હું તારા લગ્નમાં આવીને એસીડ પી જઈશ. રેખાના દબાણને વશ થઈને પ્રેમી અનિલે તેના જે દિવસે લગ્ન હતા તે જ દિવસે બપોરે રોહીતને દારૂની પાર્ટી આપવા બોલાવ્યો. સાથે

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com